# ભિલોડા તાલુકા મહિલા સંગઠન દ્વારા રક્ષાબંધનના પાવન પર્વની ઉજવણી




ભિલોડા,તા.૨૯

વિશ્વ ઉમિયા ધામ ફાઉન્ડેશન, જાસપુર, અમદાવાદ દ્વારા સંચાલિત ભિલોડા તાલુકા મહિલા સંગઠન અને કારોબારી સભ્યો, મંત્રી પ્રિતીબેન મુકેશભાઈ પાટીદાર સહિત પાટીદાર સમાજના મહિલા સંગઠનની બહેનોએ ભિલોડા પોલીસના અધિકારીઓ અને કેદીઓને રાખડી બાંધીને રક્ષાબંધનના પાવન પર્વ ઉજવણી કરી હતો.પોલીસ અધિકારીઓને કુંમ-કુંમ તિલક કરીને જમણા હાથે રાખડી બાંધી મોં મીંઠુ કરાવી, દિર્ઘાયુષ્ય માટે શ્રી ઉમિયા માતાજી ને પ્રાર્થના કરી હતી. ભિલોડા પોલીસ સ્ટેશન પી. આઈ. એચ.પી.ગરાસીયા, રાઈટર હેડ મુકેશભાઈ પ્રજાપતી સહિત પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાં ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફીક નિયમન માટે વિશેષ ઝુંબેશ : વાહન ચાલકોમાં ફફડાટ

## પોલીસે ૧૦ દિવસમાં ૧૫૦ થી વધુ ગાડીની બ્લેક ફિલ્મ ઉતારી ૩૦ હજારથી વધુનો દંડ વસૂલ કર્યો





ડીસા, તા. ૨૯

સમગ્ર ગુજરાતમાં ગાડીઓ ઉપર લાગેલા બ્લેક ફિલ્મ ઉતારવાની સૂચનાના પગલે વિવિધ જિલ્લાઓમાં પોલીસ દ્વારા ગાડીઓ ઉપરથી બ્લેક ફિલ્મ ઉતારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ત્યારે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાની સૂચનાથી ડીસા શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા શહેરના વિવિધ સર્કલો ઉપર ખાસ ઝુંબેશ હાથ ધરી ફોરવીલ ગાડીઓ ઉપર લાગેલી બ્લેક ફિલ્મ ઉતારવાની કાર્યવાહી હાથ ધરીવામાં આવી છે. જેમાં પોલીસે છેલ્લા દસ દિવસમાં ૧૫૦ થી વધુ ગાડીઓની બ્લેક ફિલ્મ ઉતારી તેમની પાસેથી દંડ પણ વસૂલ કરવામાં આવ્યો છે. ડીસા શહેર ટ્રાફિક પી.એસ.આઇ. આર. વી. ડાભી, દિલીપભાઈ પ્રજાપતિ સહિત ટ્રાફિક પોલીસ દ્વારા શહેરના બગીચા સર્કલ, જલારામ મંદિર સર્કલ, ગાયત્રી મંદિર સર્કલ, દીપક ચાર રસ્તા, રાજમંદિર સર્કલ સહિત વિવિધ માર્ગો ઉપર ખાસ ઝુંબેશ હાથ ધરી ફોરવીલ ગાડીઓ ઉપર લાગેલી બ્લેક ફિલ્મ પટ્ટી ઉતારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે પોલીસ દ્વારા ગાડીઓ પરથી બ્લેક ફિલ્મ ઉતારવાની સાથે તેના ચાલક પાસેથી દંડ પણ વસૂલ કરવામાં આવી રહ્યો છે. ટ્રાફિક પોલીસ દ્વારા છેલ્લા દસ દિવસમાં ૧૫૦ થી વધુ ફોરવિલ ગાડી ઉપરથી બ્લેક ફિલ્મ પટ્ટી ઉતારવામાં આવી છે અને તેમની પાસેથી રૂ.૩૦,૦૦૦ થી વધુનો દંડ પણ વસૂલ કરવામાં આવ્યો છે અને આ ઝુંબેશ સતત ચાલુ રહેશે તેમ ટ્રાફિક પોલીસે જણાવ્યું હતું.તેથી વાહન ચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

# તલોદ તાલુકાના હરસોલ ખાતે આવેલ ફેકટરીમાં આગ લાગી



તલોદ, તા. ૨૯

તલોદ તાલુકાના હરસોલ પાસે આવેલ એક પ્લાયવુડ ફેકટરીમાં આગ લાગતાં ભારે નુકશાન થયું હોવાની વિગત પ્રાપ્ત થઈ છે. આ અંગે મળતી માહિતી મુજબ તલોદ તાલુકાના હરસોલ ચોકડી પાસે આવેલ જલારામ સોમિલ ના માલિક હરેશ ભાઈ પટેલે છેલ્લા કેટલાક સમયથી ટીંબાકંપા ના રહીશ વિપુલ ભાઈ પટેલ ને ભાડા પેટે આપી હતી દરમ્યાન કોઈ અગમ્ય કારણોસર સો મિલ મા વહેલી સવારે આગ લાગતાં ભારે દોડાદોડ મચી જવા પામી હતી આગે જોત જોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી ફેકટરી ને સો મિલ માં ચેમ્બર બળીને રાખ થઈ જવા પામી હતી અને ફેકટરીમાં પડેલું લાકડું બળીને ભડથું થઈ ગયું હતું એક અંદાજ મુજબ આગના કારણે પાંચેક લાખ રૂપિયા જેટલું નુકશાન થયું હોવાની વિગત પ્રાપ્ત થઈ છે ફેકટરી મા આગના સમાચાર વાયુ વેગે પ્રસરી જતાં લોકો ના ટોળે ટોળા એકઠા થયા હતા આ ઘટના સંદર્ભે હરસોલ ના ડે સરપંચ હરેશ પટેલ ને જાણ થતાં તેઓએ તલોદ મામલતદાર ને જણ કરી હતી જેથી મામલતદાર ડી એલ રાઠોડે તલોદ નગર પાલિકા ના ફાયર ફાઈટર ને મોકલી આગ ને ભારે જહેમત બાદ આગ કાબૂમાં હતી

# બ્રહ્માકુમારીઝ તલોદ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી



તલોદ, તા. ૨૯

તલોદ ખાતે આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા જી.આઈ.ડી.સી. તલોદમાં રક્ષાબંધન પર્વની ઉજવણી તથા વ્યસન મુક્તિનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે તલોદ સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્રહ્માકુમારી ચંપાદીદીએ રક્ષાબંધનનું આધ્યાત્મીક રહસ્ય બતાવી હાજર ભાઈ-બહેનોને કુમકુમ તિલક કરી, મોં મીઠુ કરાવી રક્ષાબંધન કર્યુ હતુ. તેમજ વ્યસન મુક્તિ અંગે પ્રવચન આપી આજના દિવસે દક્ષિણારૂપે વ્યસન છોડવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ પ્રસંગે જીઆઈડીસીના મંત્રી ગોપાલભાઈ શાહ, ઉપપ્રમુખ કિરીટભાઈ પટેલ, વાસાણી પાઈપના પ્રવિણભાઈ પટેલ, જે.ડી. મેટલવાળા, ગણપતભાઈ પટેલ, મનોજભાઈ પટેલ, બ્ર.કુ. આશાબેન, કાન્તીભાઈ પ્રજાપતિ, પરેશભાઈ શર્મા તથા સ્ટાફ, કામદાર ભાઈઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ધાનેરાના બ્રહ્માકુમારી સેન્ટર ખાતે મીડિયાકર્મીયો તેમજ રીક્ષાચાલકોને રાખડીઓ બાંધી...



ધાનેરા તા.૨૯

ધાનેરા ખાતે બ્રહ્માકુમારીની બહેનો દ્વારા સોમવારે મિડીયાના ભાઈઓ તેમજ રીક્ષાચાલક ભાઈઓને રાખડી બાંધવામાં આવી હતી .અને રક્ષાબંધન નું મહત્વ સમજાવવામાં આવ્યુ હતુ .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે,આ પ્રસંગે રશ્મીદીદીએ રક્ષાબંધન પર્વ નિમિતે રાખડી કેમ બાંધવામાં આવે છે? તેની સમજણ આપતા જણાવેલ કે ,હિંદુ માન્યતાઓ અનુસાર આ તહેવાર ખૂબ જ ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવે છે. મહાકાવ્ય મહાભારતમાં એક વાર્તા છે જ્યાં ભગવાન કૃષ્ણએ અકસ્માતે તેમની આંગળી કાપી નાખી હતી. ત્યારે દ્રૌપદી તેના ઘાને મલમ લગાવવા માટે તરત જ તેની સાડીના છૂટક છેડાનો ઉપયોગ કર્યો હતો. પરિણામે, ભગવાન કૃષ્ણએ તેમની હંમેશ માટે રક્ષા કરવાનું વચન આપ્યું હતું. હસ્તિનાપુરના શાહી દરબારમાં દ્રૌપદીને જાહેર અપમાનનો સામનો કરવો પડ્યો ત્યારે કૃષ્ણએ આ વચન પૂરું કર્યું હતું. આપણા શાસ્ત્રમાં બીજી એક કથા છે કે કુંતાજીએ અભિમન્યુને રાખડી બાંધી હતી .આપણે ત્યાં પરંપરા છે કે ફક્ત ભાઈ-બહેનને જ નહીં સંતાનનોની રક્ષા માટે માતા પુત્ર કે દાદી પૌત્રને રક્ષાસૂત્ર બાંધી શકે આજે લોકોના મનમાં વિકારો વધી રહ્યા છે. જેથી આ રક્ષા બંધનના તહેવાર થી બહેન ભાઈઓ ને રાખડી બાંધી તેમની સહાયતા માટે વચન માંગતી હોય છે .આજે આ રક્ષાબંધન ના કારણે કેટલાય સંબંધો સચવાઈ રહ્યા છે. બ્રહ્માકુમારી બહેનો દ્વારા સવારે ૯ વાગે રીક્ષા ચાલકોને સેન્ટર ઉપર બોલાવી રક્ષા બાંધી હતી ત્યારે ૧૧ વાગે ધાનેરાના તમામ મિડીયાના ભાઈઓને બોલાવી રાખડી બાંધી લોકોના હિત માટે અને સાચા સમાચાર લખવા માટે વચન સાથે પેન ની ભેટ પણ આપી હતી.

# પ્રાંતિજ ખાતે ભાજપ શહેર મહિલા મોરચાની બહેનો દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરાઈ

## પોલીસ જવાનો,સિવિલ સ્ટાફ સહિત સફાઈ કામદારો ને રાખડી બાંધી : રાખડી બાંધી તેવોના લાંબા આયુષ્ય માટે પ્રભુને પ્રાર્થના કરી





પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે ભાજપ શહેર મહિલા મોરચાની બહેનો દ્વારા પોલીસ જવાનોને , સીવીલ હોસ્પિટલ સ્ટાફ તથા સફાઈ કામદારોને રાખડી બાંધવામા આવી હતી. રક્ષાબંધન ના પવિત્ર તહેવાર ને આડે માત્ર એક દિવસ બાંધી છે ત્યારે પ્રાંતિજ શહેર ભાજપ મહિલા મોરચાની બહેનો દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે જઇ ને પ્રાંતિજ મહિલા પીએસઆઇ એ.બી.મિસ્ત્રી તથા પોલીસ જવાનોને રાખડી બાંધી હતી અને તેવોના લાંબા આયુષ્ય માટે પણ પ્રભુ ને પ્રાર્થના કરી હતી તો ત્યારબાદ પ્રાંતિજ સિવિલ હોસ્પિટલ ખાતે જઈ ને સિવિલ હોસ્પિટલ ના ડૉકટરો તથા સિવિલ સ્ટાફ ને રાખડી બાંધી હતી અને ત્યારબાદ પ્રાંતિજ નગરપાલિકા ના સફાઈ કામદારોને પણ રાખડી બાંધી તેવોના લાંબા આયુષ્ય માટે પ્રભુને પ્રાર્થન કરી હતી તો આ પ્રસંગે નગર પાલિકા ના પૂર્વ પ્રમુખ ગીતાબેન પટેલ , ભાજપ શહેર મોરચાના પ્રમુખ જીગજ્ઞાબેન સોની, ઉપપ્રમુખ પદમાબેન રાવલ, ઉપપ્રમુખ રિધ્ધીબેન ભટ્ટ, મંત્રી સોનલબેન દેસાઇ , મંત્રી સુર્યાબેન, ભગવતી બેન પટેલ સહિત ભાજપ મહિલા મોરચાની બહેનો ઉપસ્થિત રહી હતી.

# તલોદના બડોદરા ખાતે ૭૪માં તાલુકા કક્ષાનો વન મહોત્સવનો કાર્યક્રમ યોજાયો



તલોદ, તા. ૨૯

વિસ્તરણ રેન્જ તલોદ દ્વારા આજરોજ બડોદરા જુથ પ્રાથમિક શાળા માં ૭૪ મો તાલુકા કક્ષાનો વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી જેમાં વનવિભાગ દ્વારા આપણા જીવન માં વૃક્ષો નું શું મહત્વ છે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. વૃક્ષો થી થતાં ફાયદા, વૃક્ષો ની જાળવણી, નવા વૃક્ષો નું વાવેતર કરવું, વૃક્ષો નું મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી.આ પ્રસંગે ના પરિક્ષેત્રવન અધિકારી એમ આર માલમ સાહેબ,તાલુકા વિકાસ અધિકારી મૌલીકભાઈ શર્મા, પોલીસ સબ ઈન્સ્પેકટર અર્જુનભાઈ જોશી તાલુકા હેલ્થ ઓફિસર મુગટ સાહેબ, નાયબ મામલતદાર, જીલ્લા સદસ્યો, તાલુકા સદસ્યો, બડોદરા ગામનાં સરપંચ કલ્યાણસિંહ ઝાલા તલોદ સરપંચ એસોસિએશન પ્રમુખ તલોદ, તાલુકા સદસ્ય રંજન બા , જિલ્લા સદસ્ય ગણપતસિંહ ઝાલા, અણી ઓડ તાલુકા સદસ્ય, અણી ઓડ, સોની સર, વાવડી ગામના સરપંચો, ગામનાં માણસો અને પ્રાથમિક શાળાના બાળકો, તલોદ ફોરેસ્ટ સ્ટાફ સાથે મળીને કાર્યકમની ઉજવણી કરી ને વુક્ષારોપણ કરવામાં આવ્યું. કાળુસિંહ રાઠોડ

## ભિલોડા ભારત વિકાસ પરિષદ શાખાના સભ્ય પરિવાર દ્વારા

# ઈડરના મુડેટી એસ.આર.પી કેમ્પમાં લોકરક્ષક જવાનોને રક્ષાસૂત્ર બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ





ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે કાર્યરત અગ્રેસર સેવાકીય સંસ્થા ભારત વિકાસ પરિષદ, ભિલોડા શાખાના સભ્ય પરિવારની મહિલાઓ દ્વારા સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકા ના મુડેટી ગામના પાદરે એસ.આર.પી કેમ્પમાં ૨૫૦ થી વધુ લોકરક્ષકના જવાનોને કુંમ-કુંમ તિલક કરીને રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે લોકરક્ષકોને રક્ષાસૂત્ર બાંધવામાં આવી હતી. લોકરક્ષક જવાનોનું મોં મીઠું કરાવી, લાંબી ઉંમર માટે પ્રાર્થના કરવામાં આવી, પ્રત્યેક જવાનોએ ભારત દેશની સુરક્ષા વધુ ને વધુ મજબૂત બને અને મહિલાઓની સંપૂર્ણ સુરક્ષાના સંકલ્પ લીધા હતા. ડી.વાય.એસ.પી ભરતભાઈ પટેલ, ભિલોડા ભારત વિકાસ પરિષદ શાખાના પ્રમુખ પ્રણવભાઈ પંચાલ, ઉપ પ્રમુખ જીતકુમાર ત્રિવેદી, મહિપતસિંહ રાઠોડ, રામઅવતારજી શર્મા, જગદીશભાઈ પટેલ, હર્ષદભાઈ સોની, હસમુખભાઈ બરંડા, સંજયભાઈ પંચાલ, ભરતભાઈ પ્રજાપતિ, સુરેશભાઈ પ્રજાપતિ, શિક્ષણ વિંદ શરદભાઈ બારોટ, મહિલા સંયોજીકા જાગૃતિબેન સોની, દક્ષાબેન સોની, સીમાબેન ચૌહાણ, ઉર્વશીબેન બરંડા, સરસ્વતીબેન પટેલ, ખુશ્બુ ત્રિવેદી સહિત ભારત વિકાસ પરિષદ, ભિલોડા શાખા પરિવાર ની મહિલાઓ સાથે આનંદ, ઉત્સાહભેર રક્ષાબંધનના પાવન પર્વની ઉજવણી યોજાઈ હતી.



હજુ માનવતા મરી નથી પરવારી તેવું ઉદાહરણમાં એસટી ડિવિઝનમાં જોવા મળ્યું સોનાના દાગીના અને રોકડ રકમ મૂળ માલિકને પરત કરાયા તા.-૨૯/૦૮/૨૦૨૩ ના રોજ અમદાવાદ થી ખેડબ્રહ્મા રૂટની બસમાં કરૂંડા ગામના એક બેગ બેગ ભૂલી ગયેલ હતા. તે બેગમાં આશરે ૮૦૦૦૦/- એંસી હજાર રૂપિયાના સોનાના દાગીના હતા. જેથી ડેપો મેનેજરશ્રીએ તેમનો સંપર્ક કરી તેઓને ખેડબ્રહ્મા ડેપો ખાતે બોલાવી સોનાના દાગીનાની બેગ ડેપો મેનેજરશ્રી તથા ટી આઈશ્રીની રૂબરૂમાં તેઓને પરત કરવામાં આવેલ છે.

# તલોદ કુમાર શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી

તલોદ, તા. ૨૯

તલોદ શહેરની Atleast આવેલી કુમારશાળા શાળા નંબર ૧માં આજે રક્ષાબંધન પર્વની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી જેમાં બાલવા ટીકાથી ધોરણ આઠ ની બહેનોએ ભાઈઓને રાખડી બાંધી હતી. બહેનોએ તિલક કરી ચોખા કરી ભાઈઓને ચોકલેટ અને ગોળ ખવડાવી રાખડી બાંધી હતી તો સાથે ભાઈઓ પણ ગિફ્ટ ભેટ આપી બહેનોની રક્ષા કરવાનું વચન આપ્યું હતું. શાળાના ધોરણ ૮ ના વિદ્યાર્થી માલાભાઈ ભાટે અંગ્રેજીમાં રક્ષાબંધન વિશેની સ્પીચ રજૂ કરી હતી.ધોરણ ૮ ની વિદ્યાર્થી ની તનવી રાઠોડ અને ધોરણ ૬ ની વિદ્યાર્થીની દર્શિતા દરજી એ રક્ષાબંધન વિશે પોતાના મંતવ્ય રજૂ કર્યા હતા શાળાના આચાર્યા ડોક્ટર



ગૌરીબેન સોલંકી એ પ્રાસંગીક ઉદબોદન કર્યું હતું